A Very Strange Day

ભારે નવાઈનો એ દિન

English - Gujarati

Neil Jacob

Gujarati F
Jacob, Neil
Very strange day- Gujarati
Story 2004 £ 5.95
Delhi Star Books
ISBN: 9788176501576

HACKNEY LIBRARY SERVICES

THIS BOOK MUST BE RETURNED TO THE LIBRARY ON OR BEFORE THE LAST DATE STAMPED. FINES MAY BE CHARGED IF IT IS LATE. AVOID FINES BY RENEWING THE BOOK.
(SUBJECT TO IT NOT BEING RESERVED).

PEOPLE WHO ARE OVER 60, UNDER 17 OR REGISTERED DISABLED ARE NOT CHARGED FINES. PS.6578

Hackney Libraries
Renewal Services

020 8356 2539

Follow Hackney Libraries
on Twitter: @hackneylibs

Hackney

LONDON BOROUGH OF HACKNEY
9 1300 00052 4086

ભારે નવાઈનો એ દિન

A Very Strange Day

English - Gujarati

Neil Jacob

Jacob, Neil
A Very Strange Day
Dual language children's book

© Star Publishers Distributors
ISBN: 81-7650-083-6

Published in India for
STAR BOOKS
55, Warren Street,
London WIT 5NW (UK)
Email: indbooks@spduk.fsnet.co.uk

by
Star Publishers Distributors
New Delhi 110002 (India)

Peacock Series
First Edition: 2004

Editor: Manju Gupta
Gujarati Translation by : Bhagyendra Patel
Designing by: Dots 'N' Lines
Printed at: Public Printing (Delhi) Service

Sonia was a pretty girl, about seven years old. With black curly hair she looked like a doll, except for the pair of big glasses on her eyes, which made her look like an owl.

સોનિયા સુંદર છોકરી છે. તેની ઉંમર આશરે સાતેક વર્ષની હશે. કાળા વાંકડિયા વાળ સાથે તે એક ઢીંગલી જેવી લાગે છે. સિવાય કે તેની આંખોએ મોટા કાચવાળાં ચશ્મા લાગેલાં છે. આવાં ચશ્મામાં તેનો દેખાવ ઘુવડ જેવો લાગે છે.

She and her brother Mana, who was nine years old, studied in a school which was at walking distance from their home.

સોનિયાને એક ભાઈ છે. તેનું નામ છે મનુ. તે નવ વર્ષનો છે. બંને ભાઈબહેન પાસેની એક નિશાળમાં ભણે છે. નિશાળ તેમના ઘરેથી ચાલતા જવાય એટલી નજીક આવેલી છે.

They liked their school very much. Every day, they would hold each other's hands and hop along to their school.

તેમને નિશાળે જવાનું બહુ ગમે છે. તેઓ દરરોજ એકબીજાનો હાથ પકડીને ઠેકડા મારતાં આનંદથી નિશાળે જાય છે.

Sunday was a holiday in school. That morning, both of them would eat a hearty breakfast, and then go out for a stroll.

રવિવારે નિશાળમાં રજા હોય છે. આ દિવસે સવારે તેઓ ભરપેટ નાસ્તો કરી લેતાં. અને પછી બંને જણાં લટાર મારવા બહાર નીકળી પડે.



One Sunday, they decided to go to Aunt Rosy's house. Their mother stood outside to see them off, as they walked out of their house.

એક રવિવારે તેમણે તેમની રોઝીમાસીને ઘેર જવાનું નક્કી કર્યું. તેમની મા તેમને વિદાય કરવા બહાર ઊભી રહી અને બંને ભાઈબહેન ઘેરથી નીકળી પડ્યાં.

Sonia suddenly remembered that she had left her glasses behind. They had come too far by now, and it would take a long time to go back. So she decided to walk ahead with her brother.

અચાનક સોનિયાને યાદ આવ્યું કે તે તેના ચશ્મા ઘરે જ ભૂલી ગઈ છે. પણ હવે બંને જણાં ઘણે દૂર પહોંચી ગયાં હતાં. વળી ચશ્મા લેવા પાછા જવામાં બહુ વખત લાગે એમ હતું. આથી સોનિયાએ ચશ્માનું માંડવાળ કરીને ભાઈ સાથે આગળ વધવાનું નક્કી કર્યું.

They reached a small toy shop, when Sonia stopped at once. She saw an umbrella standing upside down on a man's head.

તેઓ એક નાનકડી રમકડાંની દુકાન પાસે પહોંચ્યાં. સોનિયા ત્યાં આગળ ઊભી રહી ગઈ. તેણે જાયું કે એક માણસના માથા પર એક છત્રી ઊંધી ગોઠવાયેલી હતી.

She cried, “Look Mana, a man is holding an umbrella on its tip at the top of his head! Let's go and see how he is doing it.”



તે ચીસ પાડતાં બોલી, “જો મનુ, પેલા માણસે તેના માથા પર એક છત્રી તેના ઊંધા છેડેથી મૂકેલી છે. ચાલ તો આપણે જઈને જોઈએ કે તેણે આમ શી રીતે કર્યું છે.”

Sonia pulled Mana inside the shop. They saw the shopkeeper standing below an umbrella which was hanging upside down from a peg right above him.

સોનિયા મનુને દુકાનમાં ખેંચી ગઈ. તેમણે જોયું કે દુકાનદાર પેલી ઊંધી લટકાવેલી છત્રીની નીચે ઊભો હતો. છત્રીનો દાંડો ખીંટી પર હતો અને તેનો ટોચનો અણીનો ભાગ દુકાનદારના બરાબર માથા પર હતો.



The shopkeeper drew near to ask, "Do you want to buy something?"

Mana mumbled, "Sorry, not just now. We'll come some other day." And he rushed out of the shop with Sonia.

દુકાનદારે તેમની નજીક આવીને પૂછ્યું, "તમારે કંઈક ખરીદવું છે?"

મનુ બબડતાં બોલ્યો, "ના, ના, હમણાં તો નહિ. અમે ફરી વાર કોઈ બીજા દિવસે આવીશું. માફ કરશો." અને સોનિયા સાથે તે ઝડપથી દુકાનની બહાર નીકળ્યો.

They walked further and came close to Aunt Rosy's house. Just then, Sonia saw flames and smoke coming out of the kitchen window.

તેઓ આગળ ચાલતાં ચાલતાં રોઝીમાસીના ઘર પાસે આવી પહોંચ્યાં. એવામાં સોનિયા જૂએ છે તો રસોડાની બારીમાંથી કંઈક સળગતું દેખાયું અને ધુમાડો પણ બહાર આવી રહ્યો હતો.

She began to shout, “Fire! Fire! Call the fire engine! Aunty's house is burning!”

સોનિયાએ તો બુમાબુમ કરી મૂકી, “આગ! આગ! બંબાવાળાને બોલાવો! માસીનું ઘર સળગી રહ્યું છે ”

As they drew close to the window, they saw Aunt Rosy trying to light a stove. Smoke was billowing out of it.

જેવાં તેઓ બારી નજીક પહોંચ્યાં કે તેમણે જોયું તો માસી સ્ટવ સળગાવી રહ્યાં હતાં. એના કારણે ધુમાડો પણ નીકળી રહ્યો હતો.

Aunt Rosy smiled at seeing the two of them, and said, “Come in. I've baked some nice, fresh cake. Would you like to have some?”

માસી બેઉને જોઈ હસી પડી, પછી બોલી, “અંદર આવો. હું તાજો ને સરસ કૅક બનાવી રહી છું. તમે ખાશો ને?”

Sonia muttered, "Thank you, Aunty, not just now. I thought your house was burning. You know, I can't see very clearly without my glasses."

સોનિયા ગણગણતા ધીમા અવાજે બોલી, "આભાર, માસી, હમણાં નથી ખાવું. હું તો એવું સમજી બેઠી કે તમારું ઘર સળગી રહ્યું છે. તમે જાણો છો કે મારાં ચશ્મા વગર હું બહુ સ્પષ્ટ જોઈ શકતી નથી."

Sonia and Mana left their aunt's house and walked further. A cool breeze was blowing and the weather became very pleasant.

સોનિયા અને મનુ તેમની માસીના ઘરેથી પાછાં આગળ વધ્યાં. ઠંડો પવન લહેરાઈ રહ્યો હતો અને વાતાવરણ ખૂબ જ આનંદિત થઈ ગયું હતું.

A few yards ahead, Sonia felt water drops fall on her face.
Alarmed at the sudden change in the weather, she stopped in her stride.

થોડેક દૂર ગયા પછી સોનિયાને લાગ્યું કે તેના મોં પર પાણીનાં ટીપાં પડ્યાં હતાં. તેને થયું કે હવામાન એકાએક બદલાયું છે અને ચેતીને તે ત્યાં જ થોભી ગઈ.

"Look at that! It's started raining. I think we should run back home, or we will get wet," she said to Mana.

"આ જો વરસાદ શરૂ થઈ ગયો છે. હું માનું છું કે આપણે ઘર તરફ પાછાં ભાગીએ, નહીંતર આપણે ભીંજાઈ જઈશું." તેણે મનુને કહ્યું.

Mana pointed towards Uncle Roy's house. They moved closer and Sonia saw her uncle watering the flowers. The breeze had carried the water drops to her.

મનુએ રૉયકાકાના ઘર ભણી આંગળી ચીંધી. તેઓ ત્યાં નજીક ગયાં અને સોનિયાએ જોયું તો કાકા ફૂલછોડને પાણી પાતા હતા. આને લીધે ઠંડો પવન વાતો હતો અને પાણીનાં ટીપાં પણ એની ઉપર ત્યાંથી જ પડયાં હતાં.

Sonia was embarrassed. She said to her brother, “I found it strange that the sky looked clear, yet it began to drizzle suddenly! Mana, let's return home. Without my glasses, I seem to be making a fool of myself.”

સોનિયા શરમાઈ ગઈ. તેણે તેના ભાઈને કહ્યું, “મને પણ નવ લાગેલી કે આકાશ ચોખ્ખું હતું, એવામાં વળી આ ઝરમર ઝરમર અચાનક ક્યાંથી શરૂ થઈ ગઈ! મનુ, ચાલ હવે ઘેર જઈએ. મારાં ચશ્મા વગર હું વારંવાર મૂરખ બની રહી છું.”

As they turned back, they saw their mother rushing with her daughter's glasses in her hand. Both the children ran towards her.

જેવાં તેઓ પાછાં ફર્યાં કે સામે જૂએ છે તો તેમની મા પોતાના હાથમાં તેની દીકરીનાં ચશ્મા લઈને દોડતી આવી રહી છે. બંને બાળકો મા તરફ દોડતાં ગયાં.

Peacock Series

A Very Strange Day

THIS DUAL LANGUAGE BOOK
has been published in
Arabic, Farsi, Urdu, Punjabi, Tamil, Somali,
Gujarati, Chinese, Bengali and Turkish
Other languages are in press.

ISBN 81-7650-157-3

9 788176 501576 >

STAR BOOKS
55, Warren Street, London W1T 5NW [UK]